॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# કચ્છ જિલ્લાનાં જૈન તિર્થધામોના સ્થાપત્યનો અભ્યાસ

**ગાયત્રીબેન બી ગોહેલ**
**રિસર્ચ સ્કોલર, નેટ & જી-સેટ**
**ઇતિહાસ ભવન,**
**મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી**
**ભાવનગર.**


## ❖ સારાંશ:

ગુજરાત પ્રદેશ કલા અને સંસ્કૃતિનો જન્મદાતા છે. અહીં ડગલેને પગલે વિવિધતા જોવા મળે છે. આ પ્રદેશ પર અનેક ધર્મોનો ઉદ્દભવ થયો છે અને વિકાસ પણ થયો છે.ગુજરાતની ધરતી વિવિધતાથી ભરપૂર છે. આ ધરતી પર વિવિધ ધર્મો અને સંપ્રદાયો ફૂલ્યાંફાલ્યા છે. એ માંનો જ એક પરમ ધર્મ જૈન ધર્મ છે. જૈન ધર્મના તીર્થધામો અને તેનું સ્થાપત્ય ગુજરાતની ધરતીને પરમ પ્રકાશ અને પ્રસિદ્ધિ આપે છે.કચ્છ જિલ્લામાં આવેલા તીર્થધામોનું સ્થાપત્ય, કલાત્મક, અદભુત અને અતિ પ્રાચીન છે. ‘કચ્છ નહી દેખા તો કુછ નહી દેખા’એ પ્રચલિત પંક્તિ અહીં સાર્થક થાય છે. કચ્છની ધરતી પાવન અને પવિત્ર છે એ ધરતીને પાવન પવિત્ર ત્યાં સ્થિત જૈન તીર્થધામો કરે છે.અહીં આવેલા તિર્થધામોનુ સ્થાપત્ય અલૌકિક સૌદર્ય ધરાવે છે. સ્થાપત્ય અત્યંત કલાત્મક અને કોતરણીયુકત છે. દેરાસરના ગોખલાઓ, સ્તંભ, પ્રવેશદ્વાર, ગર્ભગૃહ, રંગમંડપ, દિવાલો, ધુમટ, પર વેલ, ફુલ, પાન, કમળ, ભૌમિતિકભાત, નૃત્યની મુદ્રામા નર્તકીની મુર્તિઓ જીવંત લાગે છે.


**ચાવીરૂપ શબ્દો**: જૈન, તીર્થધામો, સ્થાપત્ય, કચ્છ,

## ❖ પ્રસ્તાવિક :

**“તીર્થધામ તીર્થધામ હી નહીં હૈ,**

**વો તો મન કા દ્વાર હૈ,**

**યે શુધ્ધતા કા ભંડાર હૈ,**

**સ્વર્ગ સો અસીમ શાંતિ**

**ઔર આત્મીયતા કા સંસાર હૈ,**

**વૈસે તો કણ કણ મે ઈશ્વર હૈ પર,**

**હોતા મિલન યહા, ઉસકા ઘર બાર હૈ."**

આદિકાળથી મનુષ્ય ઈશ્વરને એક અથવા બીજા સ્વરૂપે પૂજતો આવ્યો છે. માનવી જીવનની ક્ષણિકતા, સુખ દુઃખો અને સંઘર્ષના કારણે ઈશ્વરને એક અવલંબન અને આશા તરીકે હંમેશા પોતાના ભય અને મૃત્યુ વગેરેના ભયથી શાંતિ મેળવવા પ્રાચીન કાળથી આજ દિન સુધી પૂજતો આવ્યો છે.

સમગ્ર વિશ્વમાં ભિન્ન ભિન્ન ધર્મનો પ્રવર્તમાન છે .જગતના આ ધર્મો મનુષ્યને સંસારના સુખ દુઃખમાંથી પર રહી સાશ્વત સુખની પ્રાપ્તિ માટેનો રાહ ચિંધે છે. ધર્મ તો આત્માથી થયેલું પવિત્ર તત્વ છે. વિચારોની શુદ્ધતા અને મનની નિર્મળતા છે. જીવનની ઉજવળતા છે અને આધ્યાત્મનો પ્રકાર છે. ધર્મ એ આપણી સંસ્કૃતિ, સભ્યતા, કલા, સાહિત્ય, જીવન અને દર્શનનો પવિત્ર આત્મા છે. મનનો મેરુદંડ છે. **કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કહે છે, "ધર્મ એક પ્રજ્જવલિત દીપક છે જેની પ્રભા સર્વત્ર પ્રકાશે છે જ્યારે એ દીપક પર અસ્મિતા અને સંપ્રદાયવાદની ચાદર ઓઢાડવામાં આવે છે ત્યારે તે બુજાઈ જાય છે."** માટે ધર્મનો ક્યારેય પણ દુરુપયોગ ના કરવો જોઈએ. ધર્મ અને સંસ્કૃતિને પ્રથમ ચરણમાં સ્થાન આપનાર ગુજરાતની ગૌરવંતી ધરતી પર હિન્દુ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી, ઇસ્લામ, પારસી તેમજ અન્ય વિવિધ સંપ્રદાયના લોકો વસે છે. ગુજરાતની ધરતી વિવિધતાથી ભરપૂર છે. આ ધરતી પર વિવિધ ધર્મો અને સંપ્રદાયો ફૂલ્યાંફાલ્યા છે. એ માંનો જ એક પરમ ધર્મ જૈન ધર્મ છે. જૈન ધર્મના તીર્થધામો અને તેનું સ્થાપત્ય ગુજરાતની ધરતીને પરમ પ્રકાશ અને પ્રસિદ્ધિ આપે છે. અહીં આવેલા તિર્થધામોનુ સ્થાપત્ય અલૌકિક સૌદર્ય ધરાવે છે. સ્થાપત્ય અત્યંત કલાત્મક અને કોતરણીયુકત છે. દેરાસરના ગોખલાઓ, સ્તંભ, પ્રવેશદ્વાર, ગર્ભગ્રૂહ, રંગમંડપ, દિવાલો, ધુમટ, પર વેલ, ફુલ, પાન, કમળ, ભૌમિતિકભાત, નૃત્યની મુદ્રામા નર્તકીની મુર્તિઓ જીવંત લાગે છે.

## ❖ કચ્છનો પ્રદેશ પરિચય :

લોકસંગીત, નૃત્ય, સ્થાપત્ય અને હડપ્પીય સંસ્કૃતિથી સમૃદ્ધ પ્રદેશ એટલે 'કચ્છ' ને પ્રાચીનકાળમાં ભોજકટ, અનુપ, કાઠી, કુશદ્રિપ, જતેંદેશ, તાજરાષ્ટ્ર તરીકે ઓળખાતું હતું. કચ્છ

૨૨° - ૪૬° અને ૨૪° - ૧૬° ઉત્તર અક્ષાંશ અને ૬૮°-૩૧' અને ૭૧°- ૫° પૂર્વ રેખાંશની અંદર આવેલો છે. એની ઉત્તર પૂર્વ અને અગ્નિકોણમાં રણ આવેલું છે. દક્ષિણે અને નૈઋત્યે કચ્છનો અખાત અને હિંદ મહાસાગર આવેલો છે. અને પશ્ચિમે તથા વાયવ્ય દિશાએ સિંધુ નદીની કોરી નામની પૂર્વ શાખા અથવા રણ આવેલું છે. કચ્છની લંબાઈ લગભગ ૧૮૦ માઈલ અને લગભગ પહોળાઈ લગભગ ૧૫ માઈલ છે. કચ્છનો કુલ વિસ્તાર લગભગ ૪૪,૧૮૫.૪ ચો.કિ.મી. જ્યારે રણનો વિસ્તાર લગભગ ૨૩,૩૧૦ ચો.કિમી અને રણ તેના નાના-મોટા બેટડાં સહિત ગુજરાતની પૂર્વ અને અગ્નિકોણના ભાગ સુધી આશરે ૯૦૦૦ ચોરસ માઈલ છે. ખારીરોહર, તૂણા, મુંદ્રા, માંડવી, જખૌ, કોટેશ્વર અને લખપત મુખ્ય બંદર છે.[૧] કચ્છ જિલ્લાની રચના ગુજરાત રાજ્યની સ્થાપના સમયે ૧લી મે ૧૯૬૦માં કરવામાં આવી હતી. કચ્છ જિલ્લાની પૂર્વ બનાસકાંઠા, પાટણ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાઓ, ઉતરે પાકિસ્તાન, ઉત્તર-પૂર્વ રાજસ્થાન, દક્ષિણ - પશ્ચિમ અરબ સાગરની સીમાથી ઘેરાયેલા છે. કચ્છ સૂડી અને ચપ્પાં માટે જાણીતું છે.

'સંત પરમ હિતકારી' નામના પોતાના પુસ્તકમાં રામજી ઠાકોરશી દેધિયાએ કચ્છ વિશે કહ્યું છે, ;

**નરા તુરંડા જલવાયુ રમ્યા: ગીરા મધુરી શિરપેચ વકા: |**

**ન વિધતે કચ્છ વિહીન દેશ: તતો ગમિષયામિ હિ કચ્છ દેશે ||**

એટલે કે, જ્યાંના મનુષ્યો, અશ્વો, હવા, અને પાણી મનોહર છે. જે દેશની ભાષા મધુર છે, પાઘડી વાંકી છે એવો કચ્છ સિવાય બીજો કોઈ દેશ નથી.

## ❖ જૈન ધર્મ:

ઈસુ પૂર્વની છઠ્ઠી સદી માત્ર ભારતમા જ નહિ વિશ્વના ઈતિહાસમાં એક મહાન કાંતિનો યુગ માનવામાં આવે છે. વિશ્વના વિવિધ વિસ્તારોમાં બૌદ્ધિક ચિંતનના આંદોલનો થયા, જેના પરિણામ સ્વરૂપે મનુષ્યના ધાર્મિક, સામાજિક અને રાજકીય જીવનમાં અમૂલ્ય ક્રાંતિ આવી. આધ્યાત્મિક વિકાસની આ સદીમાં આવી ક્રાંતિના પ્રણેતા હતા ચીનમાં કોન્ફ્યુશિપસ, ઈરાનમાં જરથુસ્ત અને ભારતમાં ગૌતમ બુદ્ધ અને ભગવાન મહાવીર સ્વામી.

'જૈન' શબ્દ 'જિન' શબ્દ પરથી ઉદભવ્યો છે તેનો અર્થ થાય છે 'વિજય'. જે પોતાના રાગદ્રેષ, મનોવિકારો ઉપર વિજય પ્રાપ્ત કરી લે છે તે 'જીન' કહેવાય છે. જૈન ધર્મના ૨૪ તીર્થંકરોમાં અંતિમ તીર્થંકર મહાવીર સ્વામી થયા. સૌપ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ, બાવીશમા તીર્થંકર નેમિનાથ, તેવીશમાં પાર્શ્વનાથ થયા. ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર

સ્વામીએ જૈન ધર્મના પુનરુધ્ધાનનુ કાર્ય કર્યું. તેમના નિર્માણ પછી તેમના શિષ્યોએ વિશ્વમાં જૈન ધર્મના પ્રચાર અને પ્રસારણનું કાર્ય કર્યું. જેના પરિણામે વિશ્વમાં આજે જૈન ધર્મ પવિત્ર સુવાસ ફેલાવે છે તેમજ અહિંસા અને વિશ્વ શાંતિની દિશામાં મૈત્રી ભાવના પવિત્ર ઝરણાને વહાવી રહ્યું છે.

જૈનધર્મ, શ્રમણધર્મ અને નિગ્રંથ સંપ્રદાયના નામે પ્રસિધ્ધ પામ્યો છે. નિગ્રંથ સંપ્રદાયનો અર્થ 'ગ્રંથિ વિનાનો' થાય છે. જેણે તપ દ્વારા પોતાના મન, વાણી અને કાયાને જીતી લીધા તેઓને 'જિન' તરીકે ઓળખવામાં આવ્યા. જિન સંસ્કૃત ધાતુ 'जि=જીતવું' ઉપરથી થયેલો છે. પોતાના મન વચન અને કાયા ઉપર વિજય મેળવ્યો તે 'અર્હત' તરીકે ઓળખાય છે. આ અર્હતોના કેવલ્યજ્ઞાન મેળવ્યા પછી 'તીર્થ' એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓના બનેલા ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે તેથી તેઓ તીર્થંકર કહેવાય છે. આ જિનોએ પ્રતિપાદિત કરેલો ધર્મ તે જૈન ધર્મ કહેવાય છે.[2] જૈનધર્મ એ વિશ્વને પાંચમહાવ્રત અહિંસાવ્રત, સત્યવ્રત, અસત્યવ્રત, બ્રહ્મચર્યવ્રત અને અપરિગ્રહવ્રત આપ્યા છે. જૈન ધર્મમાં જાતિ કે વર્ણના કોઈ ભેદ નથી એ જૈન ધર્મની આગવી વિશેષતા છે. મહાવીર સ્વામીએ આર્ય અનાર્યના ભેદભાવ વગર સર્વ લોકોને સમાન ઉપદેશ આપ્યો હતો.

## ❖ 'તીર્થ' નો અર્થ

શાસ્ત્રોમાં તીર્થ શબ્દની વ્યાખ્યા આપી છે કે, 'જે તારે તે તીર્થ'. 'જેના વડે સંસાર સમુદ્ર સુખેથી તરી શકાય તેનું નામ તીર્થ'. 'જન્મ અને મરણરૂપ જળથી ભરેલો ભવ સમુદ્ર જેના વડે તરી શકાય તેનું નામ તીર્થ'.

**जन्मं दिकखा नाणं, तित्थयराणं महाणुभावाणं ।**

**जत्थ य किर निर्वाचन आगाढं दंसणं होई ।।**

જે સ્થળએ મહાનુભાવ તીર્થંકર મહારાજાઓના જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણદિ કલ્યાણકો થયેલા હોય તેનું નામ તીર્થ છે. એ તીર્થોની સેવનાથી સગ્રદર્શન દઢ બને છે.[3]

## ❖ કચ્છ જિલ્લાના જૈન તીર્થધામ :

કચ્છના પ્રસિદ્ધ જૈન તીર્થધામો અને તેનો સ્થાપત્કીય વારસાની ચર્ચા નીચે આપેલી છે:

## વસઈ મહાતીર્થ (ભદ્રેશ્વર):

જૈનોનું મહાનતીર્થ વસઈ કે વસહિકાએ ભવ્યનગરીના ખંડેરોમાંથી બચી ગયેલું એક માત્ર દેરાસર છે. દંતકથા મુજબ, તે ૨૫૦૦ વર્ષ જૂનું છે. વારંવાર જીર્ણોદ્ધારના કારણે તે કેટલું જૂનું છે તે જાણી શકાતુ નથી.

ભદ્રેશ્વર દેરાસરના બાહ્ય અને આંતરિકરૂપ જુદા જણાવતા હતા. બાહ્ય રૂપમાં ઘણું ખરું પ્રાચીન સૌંદર્ય તરવતું હતું જ્યારે આંતરભાગમાં પ્રવેશતા આધુનિક તત્વોના મિશ્રણ હોય તેવુ જણાતું હતું.

કચ્છ જિલ્લાના મુંન્દ્રા તાલુકામાં આ પ્રાચીન નગરી આવેલી છે. આ નગરીમાં ભવ્ય ઇતિહાસ ધરાવતુ ભદ્રેશ્વર મહાતીર્થ દિવ્ય, મનોહર, વિશાળ, પરમ પ્રભાવક તેમજ અતિ કલાત્મક છે. મહાવીર સ્વામીના નિર્વાણ પછીના ૨૨ વર્ષ પદ્માવતી નગરીના તત્કાલીન રાજા સિધ્ધસેનની સહાનુભૂતિ અને સહાયથી ભદ્રાવતીના દેવચંદ્ર શ્રાવકે ભવ્ય તીર્થનું શિલારોપણ કર્યું હતું. મહાવીર સ્વામીના નિર્વાણના ૪૫ વર્ષ શ્રી કપિલકેવલી મુનિવર પાસે શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી હતી. પરંતુ કુમારપાળ મહારાજએ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો અને વિક્રમ સવંત ૧૩૧૫માં દાનવીર જગડુશાએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

આ તીર્થનું ગગનચુંબી શિખરવાળું નલિનીગુલ્મ દેવવિમાન જેવું ભવ્ય અનુપમ બાવન જિનાલય આપણને મંત્રમુગ્ધ કરી દે છે. આ તીર્થનું શિલ્પ સ્થાપત્ય બીજા શિલ્પ કરતા અલગ પડે છે. મુખ્ય જિનાલયનું ત્રણ દ્વાર અને કમાનવાળું પ્રવેશ દ્વાર ખૂબ જ સુંદર છે. અઢી લાખ ફૂટ જેટલા વિશાળ ચોગાનમાં આ મહાતીર્થ સ્થિર છે. શિલ્પ સ્થાપત્ય અને બાંધણી એવા પ્રકારની છે કે પ્રવેશદ્વારથી જ પ્રભુજીના દર્શન થાય છે. દેરાસરમાં પ્રવેશ દ્વારની બંને બાજુએ શ્રી મહાવીર સ્વામીના જીવનના અમૂલ્ય પ્રસંગો ચિત્રરેલા છે તેમજ પૂજા મંડપમાં તીર્થોના પટોના ચીતરેલાં છે. ૨૧૮ સ્તંભોથી જિનાલય શોભે છે. ૧૪૬ પ્રભુ પ્રતિમાઓ બિરાજમાન છે. મૂળનાયક ભગવાન મહાવીર સ્વામીની શ્વેતવર્ણની ૬૧ સે.મીની ભવ્ય મૂર્તિ છે. ભગવાનની પ્રતિમાની આંખો કમળની પાંખડીની જેવી છે. ૫૧ દેવકુલિકાયુકટ જિનાલય અતિ સુંદર છે. ઘુમટ પરનુ જીણવટ પુર્વકનુ કોતરણીકામ, નર્તકી વિવિધ મુદ્રામા પ્રતિમા જીવંતરૂપ લાગે છે. દેરાસરના ગોખલા પરનુ કોતરણીકામ નયનરમ્ય છે. દેરાસરનુ કોતરણીકામ ખુબ જ જીણવટ ભર્યું છે વેલ, ફુલ, પાન કમળની આકૃતિ ખુબ જ જીણવટ ભરી છે. દેરાસરના પાછળના ભાગમાં દેરી નં. ૨૫માં જૂના મૂળનાયક શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિ બિરાજમાન છે. મૂળનાયકના

રંગમંડપમાં શિલાલેખની ઉપરની બાજુ ભગવાન મહાવીર સ્વામીના અધિષ્ઠાયકદેવ શ્રી માતંગયક્ષ તથા અધિષ્ઠાયકાદેવી શ્રી સિદ્ધિકાદેવીના સુંદર ગોખલા છે. મુખ્યમંત્રી નલિનીગુલ્મ દેવવિમાન જેવું સુંદર અને ભવ્ય છે. ૨૦૦૧ના ભૂકંપને કારણે જૈનતિર્થને ખૂબ નુકસાન થયું હતું.

## ❖ કચ્છની મોટી પંચતિર્થી :

કચ્છની મોટી પંચતિર્થીમાં જૈનચૈત્યો સુથરી, જખૌ, કોઠારા, નલિયા અને તેરા એ પાંચ ગામોમાં સ્થિત છે. અબડાસા તાલુકામાં આ પાંચ તીર્થો આવેલાં છે. પંચતિર્થીની શરૂઆતમાં જ સાંઘણ ગામમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર સ્થિત છે. આ દેરાસરની સ્થાપના ઈ.સ. ૧૮૫૪માં શેઠ શ્રી માંડણ તેજશી ધુલ્લાએ બંધાવ્યું હતું. નવા દેરાસરોના નિર્માણ થતાં સાંઘણમાં એક જ સ્થાન પર ૯ જિનમંદિરો આવેલા છે આ તીર્થ ‘નવટૂંક’ તરીકે ઓળખાય છે. અથવા તો ‘તિલકટૂંક’ પણ કહે છે.

## સુથરી તીર્થ :

સુથરી તીર્થ ધૃતકલ્લોલ પાર્શ્વનાથના તીર્થ તરીકે પ્રસિદ્ધ છે. તેની પ્રતિષ્ઠા વિક્રમ સવંત ૧૮૯૬ (ઇ.સ.૧૮૪૦)ના વૈશાખ સુદ આઠમના દિવસે થઈ હતી. અહીં પાર્શ્વનાથ મહારાજ બિરાજમાન છે. આ મંદિર વિશાળમાળવાળું અને અનેક શિખરોથી શોભાયમાન હોવાથી ખૂબ જ આકર્ષક તેમજ નયનરમ્ય લાગે છે. પ્રવેશદ્વાર પરની દ્વારપાલની પ્રતિમા જીવંત લાગે છે. ગોખલાઓ પરનુ વેલ, ફુલ, પાન કમળની આકૃતિ ખુબ જ જીણવટ ભરી છે.દેરાસરના ઉપરના માળે શ્રીકુંથુનાથ ભગવાનની ૩૧ ઈંચ જેટલા મોટી ચાર પ્રતિમાઓ પધરાવવામાં આવેલી છે. આ મંદિરના શિખરની પાછળ બીજું શિખરબંધી જિનાલય બનાવવામાં આવ્યું છે અને તેમાં ભગવાન ઋષભદેવની વિ.સં.૧૯૨૧ (ઈ.સ.૧૮૬૫)ના લેખવાળી પ્રતિમા બિરાજમાન છે. મંદિરની શિલ્પકલા આકર્ષક તેમજ રંગરંગીન છે.

## કોઠારા તીર્થ :

શા ઘેલજી માલુ લોડાયા, શા શિવજી નેણશી લોડાયા અને શા કેશવજી નાયક આ ત્રણ જૈન શ્રેષ્ઠિઓ દ્વારા કોઠારામાં ભવ્ય જિનપ્રસાદ બંધાવ્યો હતો. આ દેવાલય દેશભરમાં વિશિષ્ટ, વિરલ અને કળામય દેવાલયોમાં સ્થાન પામે છે. બાર ઉન્નત શિખરોથી શોભાયમાન મંદિર મોટા પહાડ સમકક્ષ લાગે છે. મંદિરની લંબાઈ ૭૮ અને પહોળાઈ ૬૪ ફૂટ છે. મૂળ ગર્ભગૃહમાં શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે. આ મૂળ જિનાલયમાં એક ભોયરું છે. જે સંકટના સમયે કામ લાગે એવી

છુપી ઓરડીઓ અને એની ઉપર સાત ગભારા અને વિશાળ રંગમંડપ છે. શિખર સંયોજનમાં અને મંદિરના રંગમંડપ વગેરેમાં ઉત્કીર્ણ શિલ્પકલા ખૂબ જ આકર્ષક છે.

નાના મોટા અનેક જિનાલયોથી શોભતા આ તીર્થસ્થાનની આસપાસ પાંચ કોઠાવાળો ઊંચો ગઢ રચીને તેને સુરક્ષિત બનાવવામાં આવ્યું છે. આ તીર્થની ‘કલ્યાણટૂંક’ તેમજ મુખ્ય જિનપ્રસાદને ‘મેરુપ્રભ જિનાલય’ ની ઉપમા આપવામાં આવી છે. ‘કચ્છની સ્થાપત્યકળાના થોડા અવશેષો’ નામે લેખમાં (પૃ.૭૫) કોઠારાના જિનમંદિરની કળાની પ્રશંસા કરતાં કહ્યું છે કે, ‘કારીગરી અને ગળાની દ્રષ્ટિએ ઉચ્ચકોટિમાં ગણી શકાય તેવું આ જૈન મંદિર છે. પ્રાણીઓ અને મનુષ્યના આકૃતિવાળા નાના મોટા પૂતળાઓ પરનું  કોતરકામ આશ્ચર્યચકિત કરી નાખે તેવું છે. કોઈ તાઉસથી શોભતી, તો કોઈ સારંગી બજાવતી, કોઈ ડમરુથી તાલ દેતી, તો કોઈ કરતાલથી શોભી રહેતી એવી, અનેક પ્રકારની સ્ત્રી આકૃતિઓની વિભૂષિત થયેલા વિભાગો એવા સરસ છે કે, ‘કચ્છી સલાટોથી શિલ્પકલા માટે આફરીનના ઉદગાર કાઢ્યા વિના રહેવાતું નથી.’

## જખૌ તીર્થ :

અબડાસા તાલુકામાં આવેલી મોટી પંચતિર્થોનુ આ ત્રીજું તીર્થસ્થાન છે. અહીં ભક્તિભાવિત અલગ - અલગ ઉદારદિલ ધર્માત્માઓએ વિશાળ ઉંચા શિખરોવાળા નવ દેરાસરોનુ નિર્માણ કરાવ્યું હતુ. મુખ્ય મદિરનું બાંધકામ શેઠ જીવરાજ રતનશીએ વિ.સ.૧૯૦૫માં કરાવ્યું હતું. આજે આ તીર્થ નાના-મોટા નવ જિનાલયો અને ૨૦ શિખરોથી શોભાયમાન બની ગયું છે. આ નવે દેરાસરો  ‘રત્નટૂંક’ના નામથી પ્રસિદ્ધ પામ્યા છે. એક જ કોટમાં નવટૂંકો હોવાથી શિખરોનું દ્રશ્ય સુંદર અને રમણીય લાગે છે. મંદિરોનું કલાસૌંદર્ય અનુપમ છે.

## નલીયા તીર્થ :

મુક્તિ સાગરસૂરીજીના ઉપદેશથી નલીયામાં શ્રી ચંદ્રપ્રભુનું સુંદર જિનાલય શ્રેષ્ઠિ નરશીનાથાએ વિ.સ. ૧૮૯૭ (ઇ.સ.૧૮૪૧)ના મહા સુદ વસંતપંચમીએ પ્રતિષ્ઠા કરાવવી હતી. જિનાલયનું ‘વીરવસહી’ નામ તરીકે પ્રસિદ્ધ છે. આ તીર્થ ૧૪ રંગમંડપો અને ૧૬ શિખરોથી શોભયમાન બન્યું છે. દેરાસરમાં ૧૧૦ પાષાણના, ૨૬ ધાતુના, ૩૯ ચાંદીના, ૨ ,ચંદનના મળીને કુલ ૧૭૭ પ્રતિમાઓ બિરાજમાન છે. મુખ્ય મંદિરની બાજુમાં શાંતિનાથ ભગવાનનું પ્રસિદ્ધ દેરાસર આવેલું છે. મંદિરનું વિશાળ શિખરને ચૌદમંડપવાળું મંદિર તેની કલા માટે પ્રસિદ્ધ છે.

### તેરા તીર્થ :

શ્રી જીરાવાલા પાર્શ્વનાથનું અને શ્રી શામળિયા પાર્શ્વનાથનું એમ બે જિનમંદિરો છે. શામળિયા પાર્શ્વનાથનું મંદિર પ્રાચીન છે. આ જિનમંદિર નવ શિખરોથી શોભાયમાન તેમજ ભવ્ય તથા શોભાયુક્ત છે. પાષાણના ૫૭, ધાતુના ૨૧, ચાંદીના ૩૨, એમ કુલ ૧૧૦ પ્રતિમાઓ બિરાજમાન છે. શ્રી જીરાવાલા પાર્શ્વનાથ મંદિરની પ્રતિષ્ઠા ઈ.સ. ૧૮૫૯ના મહા સુદ વસંતપંચમીએ આચાર્યશ્રી રત્નસાગરસુરિની દેખરેખમાં થઈ હતી.

### ❖ કચ્છની નાની પંચતીર્થી :

મુંદ્રા, મોટી ખાખર તથા નાની ખાખર, બિદડા, માંડવી, અને ભોજપુર આ પાંચ ગામોમાં કચ્છની નાની જૈન પંચતીર્થીના જૈન મંદિરો સ્થિત છે. જે નીચે મુજબ છે:

### મુંદ્રા :

મુંદ્રા કચ્છનું પ્રાચીન શહેર છે. તેને 'કચ્છનું પેરિસ' તરીકે ઓળખવામાં આવે છે.

### શ્રી શીતલનાથ ભગવાનનું દેરાસર :

આ દેરાસરની પ્રતિષ્ઠા સવંત ૧૯૩૩માં થઈ હતી. દેરાસરમાં મૂળનાયક શ્રી શીતલનાથ ભગવાન બિરાજમાન છે તેની જમણી બાજુએ શ્રી અજિતનાથ ભગવાન તથા ડાબી બાજુએ શ્રી મહાવીર સ્વામી બિરાજમાન છે. દેરાસરના ઉપરના ભાગે શ્રી આદિશ્વર ભગવાન બિરાજમાન છે. દેરાસરની કોતરણી નયનરમ્ય છે.

### શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું દેરાસર :

દેરાસરમાં મુળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ ૩૫૦ વર્ષ પુરાણી છે. તેની જમણી બાજુએ શ્રી સંભવનાથ ભગવાન તથા ડાબી બાજુએ શ્રી નેમિનાથ ભગવાન છે. ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા સવંત ૧૯૧૮ પોષના રોજ થઈ હતી. દેરાસરની દેખરેખ શ્રી તપગચ્છ જૈન સંઘ – મુંદ્રા (કચ્છ) દ્વારા થાય છે.

### શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર :

મુંદ્રા ગામની બહાર શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનનું મેડા ઉપર દેરાસર છે. મૂળનાયક શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનની શ્વેત પ્રતિમા બિરાજમાન છે. તેની જમણી બાજુએ

શ્રી અભિનંદન સ્વામી ભગવાનની શ્યામ મૂર્તિ અને ડાબી બાજુએ શ્રી અમરનાથ ભગવાનની શ્યામ મૂર્તિ છે.

મુંદ્રાની બહાર દાદાવાડી આવેલી છે. જેમાં અચળગચ્છના ગુરૂ હર્ષજીની પાદુકા વાળી છત્રી આવેલી છે તેના ઉપર સંવત ૧૭૯૭ માગશર વદ ૧૦ના રોજ ગુરૂ હર્ષજી સ્વર્ગવાસી થયાનો લેખ છે.

## ભુજપુર:

ભુજપુરમાં ભવ્ય વિશાળ દેરાસરો આવેલા છે. દેરાસરની બાંધણી સુંદર છે. દેરાસરમાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન, તેની બાજુમાં શ્રી મહાવીર સ્વામી ભગવાનનું દેરાસર સ્થિત છે. ભોયરામાં શ્રી કેશરિયાજી ભગવાન છે તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે.

## મોટી ખાખર :

મોટી ખાખર ભુજપુરથી નવ કિલોમીટર દૂર છે. અહી ૪૫૦ વર્ષ જૂનું દેરાસર આવેલું છે. મુળનાયક શ્રી આદિશ્વર ભગવાન છે. અહીં પુંડરિક સ્વામી ગણધરની પ્રાચીન પ્રતિમા બિરાજમાન છે. શ્રી કચ્છ મોટી ખાખર - શ્રી આદિનાથ પ્રભુના જૈન દેરાસરની પેઢી દેરાસરનો વહીવટ સંભાળે છે.

## નાની ખાખર

મોટીખાખર થી નાનીખાખર સાત કિલોમીટર દૂર આવેલું છે. દેરાસર લગભગ ૧૦૦ વર્ષ જૂનું છે. મુળનાયક ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન છે ડાબી બાજુએ ચંદ્રપ્રભુ સ્વામી ભગવાનની મૂર્તિ અને જમણી બાજુએ પદ્મપ્રભુસ્વામી ભગવાન બિરાજમાન છે દેરાસર ભવ્ય અને વિશાળ છે.

## બિદડા

નાની ખાખર થી બિદડા ૬ કિલોમીટર દૂર છે. અહિં વિશાળ અને ભવ્ય દેરાસર આવેલું છે. મુળનાયક શ્રી ભગવાન ઋષભદેવ તેમજ દેરાસરના ઉપરના ભાગમાં શ્રી ચંદ્રપ્રભુસ્વામી ભગવાન બિરાજમાન છે. દેરાસરની બાજુમાં શ્રી નેમિનાથ ભગવાન તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનની

દેરીઓ આવેલી છે તેમજ પાછળના ભાગમાં તીર્થોનો પટ્ટો આવેલો છે. તથા દેરાસરની વચ્ચે સમવસરણ છે જેમાં શ્રી મહાવીર સ્વામી ભગવાનની ચૌમુખજીની પ્રતિમાઓ છે.

## ❖ કચ્છના પ્રાચીન જૈન મંદિર દેરાસરો :

### કટારીયા :

ભગવાન શ્રી મહાવીરદેવની અતિ સુંદર શ્વેત પ્રતિમા બિરાજમાન છે. શ્રી વિજયસિંહ સૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે વિ.સ.૧૬૮૬ના વૈશાખ સુદ ત્રીજના રોજ પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. ત્યારબાદ વિ.સ.૧૯૭૮માં શેઠ વર્ધમાન આણંદજીએ જીર્ણોધ્ધાર કરાવી સુંદર અને ભવ્ય શિખરબંધી જિનમંદિર બંધાવ્યું હતું.

### ગેડી :

કચ્છ વાગડમાં આવેલું ગેડી ગામ ખૂબ જ પ્રાચીન છે. અહીં એક જૈન મંદિર અને ઉપાશ્રય ૨૦૦૧ના ભૂકંપ પહેલાં જીર્ણાવસ્થામાં હતું. તેનું વર્ણન ‘જૈનતીર્થ સર્વ સંગ્રહ’માં છે તે સંદર્ભમાં વર્ણન નીચે મુજબ છે :

‘અગાસી બંધ શિખરયુક્ત આ જૈન મંદિરને મોટી પરસાળ છે. આગળના ભાગમાં ચાર ડેરીઓ શિખરયુક્ત છે તેમાં પબાસણ વિધમાન છે. મંદિરનો વચ્ચેનો ધુમંડ ૧૬ સ્તંભોના આધારે બનાવેલો છે. મંદિરની લંબાઈ ૨૮ ફૂટ, પહોળાઈ ૨૦ ફૂટ ને ઊંચાઈ ૧૪ ફુટ છે. ગર્ભગ્રુહમા આરસપાષણના બિંબો પ્રાચીનકાળના છે. વચ્ચે મૂળનાયક શ્રી મહાવીર સ્વામીની ૩ ફૂટ ઊંચી પ્રતિમા છે. મુળનાયકની બાજુમાં આદિશ્વરની મૂર્તિ છે. આ મંદિર માલવશાહે બંધાવ્યાનો ઉલ્લેખ લેખમાં છે. એ સિવાય ‘માલવવાવ’ અને ‘માલસર તળાવ’ પણ તેમણે બંધાવ્યા હતા..[૪]

### કંથરોટ :

૨૦૦૧ના ભૂકંપ પહેલા અહીં ૧૬ થાંભલાવાળુ ભગવાન મહાવીર સ્વામીના પુરાતન મંદિરનુ ખંડેરીયું છે. ‘આર્કિયોલોજી સર્વે ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા’માં આપેલી માહિતી મુજબ સં.૧૩૪૦ (ઇ.સ.૧૨૮૪)માં આ મંદિરનું નિર્માણ આર્મદેવના પુત્રો લાખા અને સોલહાના નામો જાણીતા છે.

### શિકરા :

કચ્છમાં આવેલું શિકરા જૈન ઓસવાળોનું જૂનું ગામ ગણાય છે. આ ગામ ક્યારે વસ્યું એ વિશે સચોટ માહિતી મળતી નથી. ‘જૈન તિર્થ સર્વ સંગ્રહ’ માં મળતી માહિતી મુજબ અહીં એક કલાત્મક જૈન મંદિરોનું ખંઢેર વિધમાન છે. આ મંદિરનું નિર્માણ ઇ.સ.૧૭૧૭માં થયું હતું. ઇ.સ.૧૭૮૬માં જ્યારે માળિયાના મિયાણાઓ ખૂબ જ ઉપદ્રવ મચાવતા હતા ત્યારે આ મંદિરના

મુળનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામીની મૂર્તિ આધોઈ ગામે લઈ જવામાં આવી હતી એવું જણાય આવે છે.

**આડેસર :**

આદિનાથ ભગવાનના 'આદિશ્વર' નામનો અપભ્રંશ થતા આ ગામનું નામ 'આડીસર' કે 'આડેસર' પડ્યું છે.

'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તકમાં નોંધ્યું છે કે, જ્યારે મુનીશ્રીઓ ૨૦૦૧માં આડેસર ગયા ત્યારે ૨૦૦-૨૫૦ વર્ષ જૂનું દેરાસર લગભગ ખંડેર જેવું લાગતું હતું. અહીં મળતા લેખ મુજબ વિ.સ. ૧૭૮૧ તપગચ્છીપ ભટ્ટારકશ્રી વિજયપ્રભુસુરી, શિષ્ય પં. હર્ષ વિજય, શિષ્ય લક્ષ્મીવિજયજી, શિષ્ય સૌભાગ્યવિજયજીના ઉપદેશથી આ જિનાલય આડેસરમાં બનાવવામાં આવ્યું હતું.

## મેવાસા અને ભુવડ

ચિત્રોડથી ઉતરાદે કાઠી વસાહતના આ પુરાતન ગામમાં ચાર ચાર દેરાસરોના ખંડીયેરો પૈકીનું એક આસમાની રંગના આરસપહાણનું છે અને એ જૈન જિનાલય હોવાની લોકવાયકા છે. આસમાની આરસ દેવાલયના ખાસ સ્થં ભો માટે વપરાયેલો છે.

ભુવડગામ કંથરોટ અને કોટાય જેટલું જૂનું છે. જિર્ણોધ્ધાર પામેલું એક પ્રાચીન જિનાલય પણ અહીં પાબુજીમડથી આથમણી દિશામાં આવેલું છે. જિનાલયમાં અજીતનાથજી બિરાજમાન છે.

**મનફરા :**

વિક્રમની ૧૭મી સદી વિ.સ.૧૬૦૬ના પૂર્વાર્ધમાં વસેલું આ ગામ પહેલા મનોહર, મનોહરમાંથી મણગર, મનહર, મનહરામાંથી છેવટે વર્તમાનમાં મનફરા તરીકે પ્રસિદ્ધ બન્યું છે. કંથરોટથી શ્રી શાંતિનાથ ભગવાનની પ્રાચીન લગભગ હજાર વર્ષ જૂની પ્રતિમા અહીં લવ્યા હતા. ૨૦૦૧ના ભૂકંપ પછી બનેલી ભીષણ પરિસ્થિતિના કારણે શાંતિનાથજી, વાસુપૂજ્ય સ્વામી વગેરેની પ્રતિમાઓ મુંબઈ લઈ જવામાં આવી હતી.

**❖ તારતમ્ય :**

ઉપર્યુક્ત ચર્ચાને ટૂંકમાં સમેટીથી લેતા એમ કહી શકાય, કે કચ્છ જિલ્લામાં આવેલા તીર્થધામોનું સ્થાપત્ય, કલાત્મક, અદભુત અને અતિ પ્રાચીન છે. 'કચ્છ નહી દેખા તો કુછ નહી દેખા'એ પ્રચલિત પંક્તિ અહીં સાર્થક થાય છે. કચ્છની ધરતી પાવન અને પવિત્ર છે. અહિંસા અનેકાન્ત દૃષ્ટિ તથા ત્યાગના મૂલ્યો પર આધારિત જૈન સંસ્કૃતિ કચ્છની અસ્મિતાનુ અભિન્ન અંગ છે અને હંમેશા રહેશે.

**સંત સુતા ભલા ભક્ત જે ભોમમાં,**

**પીર પોઢયા જહાં ઠામ ઠામે,**

**ડુંગરે ડુંગરે દેવની દેરીઓ,**

**ખાભીઓ ખોંધની ગામે ગામે,**

**દેશ શણગાર દાતાર જગડુ તણી,**

**ભવ્ય ભદ્રાવતી ભાર હરણી,**

**ભારતી માતને ખોળલે,**

**ધન્ય હો ! ધન્ય હો ! કચ્છ ધરણી !**

## પાદનોંધ :

(૧) ખખ્ખર, દલપતરામ પ્રાણજીવન, કચ્છની ભૂગોળવિદ્યા, વર્તમાન પ્રેસ, પ્રથમ આવૃત્તિ, ૧૮૭૫, મુંબઈ, પૃ. ૮.

(૨) ઠાકર, (ડો.) નીતા, કચ્છમાં જૈન સંસ્કૃતિ - એક દ્રષ્ટિપાત, શ્રીજી ઓફસેટ, દ્વિતિય આવૃત્તિ,૨૦૦૫, ભુજ, પૃ. ૧.

(૩) શ્રી સૌરાષ્ટ્ર જૈન તીર્થધામ, શ્રી જામનગર જૈન ઓસવાલ વોલ્નટીયર કોર, વિ.સં ૧૯૯૫ જામનગર, પૃ. ૨.

(૪) એજન પૃ. ૧૨૫.